# નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી–૩૯૬ ૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# –:: પરિપત્ર::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના એકમના અધિકારીશ્રીઓને જણાવવાનું કે, માન. ગુજરાત સરકાર દ્વારા તા.૦૬/૦૫/૨૦૧૨ થી તા.૩૧/૦૫/૨૦૧૨ દરમ્યાન યોજવામાં આવેલ કૃષિ મહોત્સવ–૨૦૧૨ની કામગીરી પૂર્ણ થયેલ છે. આ મહોત્સવ દરમ્યાન જે તે તાલુકાના કૃષિ રથો સાથે હાજર રહેનાર કૃષિ તજજ્ઞોના તથા જિલ્લા નોડલ ઓફિસરશ્રીના પ્રવાસ બીલ મંજૂર થયેલ પ્રવાસ ડાયરી સહિત અત્રેની કચેરીને **તા.૩૦/૦૬/૨૦૧૨** સુધીમાં મોકલી આપવા વિનંતી છે. કૃષિ મહોત્સવનું પ્રવાસ બીલ મોકલતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા વિનંતી છે.

(૧) પ્રવાસ ડાયરી ઉપર જે તે જિલ્લાના નોડલ ઓફિસર તથા યુનિટ વડાની સહી હોવી જરૂરી છે.

(૨) કૃષિ મહોત્સવ–૨૦૧૨ સંબંધિત પ્રવાસ સિવાય અન્ય કોઈ પ્રવાસ, પ્રવાસ ડાયરીમાં સામેલ કરવો નહીં.

(૩) કૃષિ મહોત્સવના પ્રવાસના જે તે યુનિટના પ્રવાસ બીલો એક સાથે મોકલવામાં આવે તેવી વ્યવસ્થા ઈચ્છનીય છે.

(૪) પ્રવાસ બીલો નિયત તારીખ એટલે કે **તા.૩૦/૦૬/૨૦૧૨** સુધીમાં મોકલી આપવામાં આવે તો અત્રેની કચેરીને કૃષિ મહોત્સવની ગ્રાન્ટના ખર્ચનો હિસાબ તૈયાર કરવામાં સુગમતા રહે, તો તે બાબતે સહકાર આપવા વિનંતી છે.

વધુમાં આ બાબત આપના તાબા હેઠળના કૃષિ મહોત્સવ–૨૦૧૨ ના કૃષિરથ સાથેની ફરજમાં જોડાયેલ કર્મચારીઓના ધ્યાન પર લાવવા નમ્ર વિનંતી છે.

નવસારી. **વિસ્તરણ શિક્ષણ નિયામક**

તારીખઃ ૦૨/૦૬/૨૦૧૨.

જા.નં.નકૃયુ/વિશિનિ/ટી.૨/ ૫૧૦૯ –૫૧૬૮/૨૦૧૨.
નવસારી. તારીખઃ ૦૧ / ૦૬ /૨૦૧૨.

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી– ૩૯૬૪૫૦

**નકલ રવાનાઃ**– પ્રતિ અત્રેની કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ તથા તેમની કચેરીના સંબંધિત વૈજ્ઞાનિકશ્રીઓને/અધિકારીશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ.